# પત્નીને ઉંચકીને દોડવાની અનોખી સ્પર્ધા..!



■ બ્રિટનના ડોર્કિંગમાં યોજાયેલી યુકેની વાર્ષિક 'વાઈફ કેરિંગ રેસ' (પત્નીને ઊંચકીને દોડવાની સ્પર્ધા)માં આશરે 70 લોકોએ ભાગ લીધો હતો. હવે તેના 17મા વર્ષમાં પ્રવેશેલી આ સ્પર્ધામાં રવિવારની રેસમાં વિજેતા બનનાર ટોચની બ્રિટિશ જોડીએ જુલાઈમાં ફિનલેન્ડમાં યોજાનારી 'વાઈફ કેરિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ'માં દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે ક્વોલિફાય કર્યું છે. કથિત રીતે સદીઓ જૂની આ 380-મીટર (0.23 માઈલ) લાંબી રેસમાં સ્પર્ધકોએ તેમના પાર્ટનરને પીઠ પર, આગળના ભાગે અથવા ખભા પર ઊંચકીને ટેકરીઓ, ઘાસના બંડલ અને ડોલ ભરેલા પાણી તથા વોટર પિસ્તોલવાળા 'સ્પ્લેશ ઝોન' વાળા કોર્સને પૂર્ણ કરવાનો હોય છે. ભાગ લેવા માટે પાર્ટનરનું પરિણીત હોવું જરૂરી નથી - મિત્રો અથવા ભાઈ-બહેનોને ઊંચકવાની પણ છૂટ છે, પરંતુ તેઓ 18 વર્ષથી વધુ ઉંમરના હોવા જોઈએ. તેમનું વજન પણ ઓછામાં ઓછું 50 કિગ્રા હોવું જોઈએ અને જો તેઓ વજનમાં હળવા હોય, તો જરૂરી વજન લાવવા માટે લોટના ડબ્બા, પાણી અથવા તેના જેવી વસ્તુઓ ભરેલો થેલો પહેરવો પડે છે. જો કે કેટલાક નિષ્ણાતો આમાં સ્પર્ધકોને કરોડરજ્જુની ઇજા જેવી ગંભીર ઇજાઓના જોખમ તરફ પણ ધ્યાન દોરે છે.

**પશ્ચિમ એશિયા યુદ્ધની અસર**

# પૂણેમાં ગેસ આધારિત સ્મશાનગૃહો બંધ

**ગેસની** અછતને ધ્યાનમાં રાખીને, પુણેના મ્યુનિસિપલ કોર્પોરેશને માત્ર ઇલેક્ટ્રિક અને લાકડા આધારિત સ્મશાનગૃહો કાર્યરત રાખવાનો નિર્ણય લીધો

પૂણે, તા. 9 (પીટીઆઈ): મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અસર હવે પુણેના સ્મશાનગૃહ સુધી પહોંચી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે મધ્ય પૂર્વથી ઓઈલ અને નેચરલ ગેસના નિકાસમાં ભારે અવરોધ સર્જાયો છે, જેના પગલે પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) એ શહેરના ગેસ આધારિત સ્મશાનગૃહોને કામચલાઉ ધોરણે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે 5 માર્ચના રોજ એક આદેશ જારી કર્યો હતો, જેમાં દેશમાં ઉપલબ્ધ પ્રોપેન અને બ્યુટેન (એલપીજીના મુખ્ય ઘટકો) નો ઉપયોગ પ્રાથમિકતાના ધોરણે માત્ર ઘરેલું ગેસ પુરવઠા માટે કરવા સૂચના આપવામાં આવી છે. ગેસની આ અછતને ધ્યાનમાં રાખીને, પુણેના વૈકુંઠ સ્મશાનગૃહ સહિત અન્ય સ્થળોએ ગેસથી ચાલતી ભઠ્ઠીઓ 5 માર્ચથી આગામી આદેશ સુધી બંધ રહેશે.

નાગરિકોને હાલાકી ન પડે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે શહેરમાં ઈલેક્ટ્રિક સ્મશાનગૃહો અને વાયુ પ્રદૂષણ નિયંત્રણ સિસ્ટમથી સજ્જ લાકડા આધારિત સ્મશાન સુવિધાઓ કાર્યરત રહેશે. વૈકુંઠ સ્મશાનગૃહમાં ત્રણ ગેસ ભઠ્ઠીઓ બંધ રહેશે, પરંતુ પાંચ ઈલેક્ટ્રિક ભઠ્ઠીઓ જાહેર ઉપયોગ માટે ચાલુ રાખવામાં આવી છે. વૈશ્વિક યુદ્ધની અસર સ્થાનિક નાગરિક સેવાઓ પર કેવી રીતે પડી રહી છે, તેનું આ એક જીવંત ઉદાહરણ છે.

# બ્રિટનના ગ્લાસગોમાં બિલ્ડિંગમાં ભારે આગ, રેલવે સ્ટેશન બંધ

**રિટેલ** શોપમાં આગ લાગ્યા બાદ ચાર માળની ઇમારત ખાખ



લંડન, તા. ૯: બ્રિટના ગ્લાસગોના સૌથી વ્યસ્ત ટ્રેન સ્ટેશનની બાજુમાં આવેલી એક વેપ શોપમાં આગ લાગતા કાળા ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા હતા અને જોતજોતામાં આખી ઈમારત બળીને ખાખ થઈ ગઈ. આ ભયંકર આગને કારણે ગ્લાસગો રેલવે સ્ટેશન પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. સ્થાનિક સમય પ્રમાણે રવિવારે બપોરે ૩:૪૬ વાગ્યે ગ્લાસગોના યુનિયન સ્ટ્રીટ પર આવેલી એક ચાર માળની વ્યાપારી ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત વેપ શોપમાં આગ લાગવાની જાણ થતાં ઈમરજન્સી સેવાઓને બોલાવવામાં આવી હતી. આ આગ ઝડપથી ખૂણામાં આવેલા ગોર્ડન સ્ટ્રીટ સુધી ફેલાઈ ગઈ હતી, જે મુખ્ય સ્ટેશનના પ્રવેશદ્વાર અને તેની સાથે જોડાયેલી હોટેલ તરફ આગળ વધી હતી, જેના કારણે આખું આકાશ ધુમાડાથી ભરાઈ ગયું હતું.

વ્યાપારી ઈમારતથી માત્ર થોડા જ યાર્ડ દૂર આવેલું ગ્લાસગોનું યુનિયન સ્ટ્રીટ સ્ટેશન રવિવારે ખાલી કરાવીને બંધ કરી દેવામાં આવ્યું હતું, જેના કારણે સ્કોટલેન્ડના સૌથી મોટા શહેરમાં મુસાફરો માટે ભારે અંધાધંધી સર્જાઈ હતી. સ્ટેશન આજે પણ બંધ રહેશે એમ જણાવાયું છે.

# આભમાં અટવાઈ ઈન્ડિગો

**છેલ્લી** ઘડીના પ્રતિબંધોને કારણે ઇન્ડિગોની બે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ખોરવાઈ

6 કલાક હવામાં રહ્યા બાદ માન્ચેસ્ટર જતી ફ્લાઇટ પરત દિલ્હી લેન્ડ થઈ

એરિટ્રિયા એરસ્પેસમાં પ્રવેશ ન મળતા ઇન્ડિગોની ફ્લાઇટને 12 કલાક હવામાં વિતાવવા પડ્યા

નવી દિલ્હી, તા. 9 (PTI) ભાડા પર લીધેલા બોઈંગ 787 એરક્રાફ્ટ દ્વારા સંચાલિત ઈન્ડિગોની માન્ચેસ્ટર જતી એક ફ્લાઈટ સોમવારે એરિટ્રિયા એરસ્પેસમાં પ્રવેશતી વખતે અમુક પ્રતિબંધોને કારણે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પરત ફરી હતી. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લંડન હીથ્રોથી મુંબઈ આવી રહેલી ઈન્ડિગોની અન્ય એક ફ્લાઈટને પણ એરિટ્રિયા એરસ્પેસમાં પ્રવેશવા સંબંધિત સમસ્યાઓને કારણે કૈરો તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

માન્ચેસ્ટર જતી ફ્લાઈટ છ કલાકથી વધુ સમય સુધી હવામાં રહ્યા બાદ પરત ફરવાનો નિર્ણય લેવાયો હતો. Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી મુજબ, આ ફ્લાઈટે દિલ્હીથી રાત્રે 12:40 વાગ્યે ઉડાન ભરી હતી અને બપોરે 2:30 વાગ્યે પરત લેન્ડ થઈ ત્યારે તેણે હવામાં 12 કલાકથી વધુ સમય વિતાવ્યો હતો.

ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી પરિસ્થિતિને કારણે છેલ્લી ઘડીના એરસ્પેસ પ્રતિબંધોના લીધે દિલ્હીથી માન્ચેસ્ટર જતી અમારી ફ્લાઈટ 6ઈ 033ને પરત ફરવું પડ્યું છે. અમે મુસાફરી ફરી શરૂ કરવાની શક્યતાઓ તપાસવા માટે સંબંધિત સત્તાધિકારીઓ સાથે કામ કરી રહ્યા છીએ."

સૂત્રોએ જણાવ્યું હતું કે, એરિટ્રિયાના સત્તાધિકારીઓ સાથે મંજૂરી બાબતે કેટલાક પ્રશ્નો હતા અને જોખમનું મૂલ્યાંકન કર્યા પછી ફ્લાઈટને દિલ્હી પરત લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે એરિટ્રિયા એક આફ્રિકન દેશ છે.

તેવી જ રીતે, લંડન હીથ્રોથી મુંબઈ આવી રહેલી ફ્લાઈટ 6ઈ2ને પણ એ જ કારણોસર કૈરો (ઈજિપ્ત) તરફ વાળવામાં આવી હતી. આ ફ્લાઈટ પણ ડાયવર્ટ થયા પહેલા આશરે આઠ કલાક જેટલો સમય હવામાં રહી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, ક્રૂ મેમ્બર્સનો ડ્યુટી સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવાથી આ ફ્લાઈટ સોમવારે કૈરોથી ઉપડી શકશે નહીં. એરલાઈન મુસાફરો માટે વિઝા અને હોટલની વ્યવસ્થા કરી રહી છે અને ફ્લાઈટ મંગળવારે મુંબઈ માટે રવાના થવાની શક્યતા છે.


## પેજ 3

### કમલ હાસને માત્ર 20 દિવસના શૂટિંગ માટે રૂ. 150 કરોડ ફી લીધી!



ચેન્નાઈ, તા. 9: પીઢ અભિનેતા કમલ હાસને તેમની લાંબી કરીઅરમાં ઘણી ભમિકાઓ ભજવી છે. તેમણે બાળ કલાકાર તરીકે પોતાની અભિનય કારકિર્દી શરૂ કરી હતી. ત્યાર બાદ એક ફિલ્મ-નિર્માતા અને રાજકીય વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા હતા. તાજેતરમાં કમલ હાસન ફરી એકવાર એક શક્તિશાળી બોક્સ-ઓફિસ સ્ટાર બન્યા છે. તેઓ ભારતના સૌથી વધુ કમાણી કરનારા અભિનેતા બન્યા છે. ફિલ્મ-નિર્માતા અને અભિનેતા યુગી સેતુએ જણાવ્યું હતું કે, કમલ હાસનને 'કલ્કી 2898 એડી'માં તેમની ભૂમિકા માટે રૂ. 150 કરોડની ભારે ફી મળી હતી. સેતુએ કહ્યું હતું કે, ''કમલ સર ખૂબ જ ઊંચા દરજ્જાના કલાકાર છે. તેમને 'કલ્કી 2898 એડી' માટે 20 દિવસના શૂટિંગ માટે રૂ. 150 કરોડ મળી રહ્યા છે.''

# માદા ચિત્તા 'જ્વાલા' બની પાંચ બચ્ચાંની માતા, સંખ્યા પહોંચી 53 પર



**થોડા** દિવસ પહેલા ગામિનીએ 4 બચ્ચાં આપ્યા હતા

ભોપાલ: તા. 9: મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્ક (કેએનપી) માં નામિબિયન માદા ચિત્તા 'જ્વાલા'એ પાંચ બચ્ચાંઓને જન્મ આપતાં સોમવારે ભારતની ચિત્તાઓની સંખ્યા 50નો આંકડો વટાવી ગઈ છે. આ સાથે દેશમાં ચિત્તાઓની કુલ સંખ્યા વધીને 53 થઈ ગઈ છે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ જાહેરાત કરી હતી. યાદવે નોંધ્યું હતું કે, થોડા દિવસો પહેલાં જ 'ગામિની' નામની અન્ય એક માદા ચિત્તાએ આ જ રિઝર્વમાં ચાર બચ્ચાંઓને જન્મ આપ્યો હતો. જ્વાલાનાં પાંચ બચ્ચાંઓનો જન્મ એ 'પ્રોજેક્ટ ચિત્તા' માટે મોટી જીત અને દેશના ચિત્તા પુનઃસ્થાપન પ્રયાસોની સફળતા દર્શાવે છે.

યાદવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''આ જન્મ સાથે ભારતમાં જન્મેલાં અને ઉછરેલાં બચ્ચાંઓની સંખ્યા વધીને 33 થઈ ગઈ છે, જે ભારતીય ધરતી પર 10મી સફળ ચિત્તા લિટર (બચ્ચાંઓનો જન્મ) છે – જે ભારતની ચિત્તા સંરક્ષણ યાત્રામાં વધુ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.'' મંત્રીએ ઉમેર્યું કે, આ સિદ્ધિ પશુચિકિત્સકો, ફિલ્ડ સ્ટાફ અને અથાક મહેનત કરી રહેલા તમામ લોકોના સમર્પિત પ્રયાસો, કૌશલ્ય અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે આ સિદ્ધિને વન્યજીવ સંરક્ષણ માટે 'ગૌરવની ક્ષણ' ગણાવી હતી. સીએમએ એક્સ પર લખ્યું હતું કે, ''કુનો નેશનલ પાર્કમાંથી ફરી સારા સમાચાર... ચિત્તા જ્વાલાએ 5 બચ્ચાંઓને જન્મ આપ્યો છે, જે પ્રોજેક્ટ ચિત્તા માટે વધુ એક મોટી સિદ્ધિ છે.''

# સુપ્રીમમાં કાંદા-લસણને તામસિક માનવા અંગેની અરજી

**ચીફ** જસ્ટિસે ઠપકો આપતા પૂછ્યું: શું તમે અડધી રાત્રે આવી અરજીઓ ડ્રાફ્ટ કરો છો?

નવી દિલ્હી, તા. 9: સુપ્રીમ કોર્ટમાં એક વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી પાંચ વિચિત્ર જાહેર હિતની અરજીઓ (પીઆઈએલ) ને ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે સખત શબ્દોમાં ફગાવી દીધી છે. આ અરજીઓમાંની એકમાં ડુંગળી અને લસણમાં 'તામસિક' અથવા નકારાત્મક ઉર્જા હોય છે કે નહીં, તે અંગે સંશોધન કરવાની માંગ કરવામાં આવી હતી. અરજદાર વકીલ સચિન ગુપ્તાએ એવો દાવો પણ કર્યો હતો કે ગુજરાતમાં ભોજનમાં ડુંગળીના ઉપયોગને કારણે છૂટાછેડાની ઘટના બની હતી.

ચીફ જસ્ટિસે વકીલને ફટકાર લગાવતા પૂછ્યું કે, 'શું તમે અડધી રાત્રે આવી અરજીઓ ડ્રાફ્ટ કરો છો?' કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ અરજીઓ અસ્પષ્ટ અને પાયાવિહોણી છે જે સુપ્રીમ કોર્ટ પર વધારાનો બોજ નાખે છે. બેન્ચે વકીલને ચેતવણી આપી હતી કે જો તેઓ વકીલ ન હોત, તો તેમના પર ભારે દંડ ફટકારવામાં આવ્યો હોત.

ચીફ જસ્ટિસે વધુમાં કહ્યું કે આવી અરજીઓ દ્વારા જૈન સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેઓ પરંપરાગત રીતે લસણ, ડુંગળી અને જમીનકંદનો ત્યાગ કરે છે.

વકીલની ડુંગળી-લસણ ઉપરાંત દારૂ-તમાકુના નિયમન અને મિલકત નોંધણી અંગેની અન્ય ચાર અરજીઓ પણ કોર્ટે ફગાવી દીધી હતી.



# ઈરાનના ઓઈલ મથકો પર ઈઝરાયલના હુમલાથી ટ્રમ્પ નારાજ

**ઇરાનના** ઓઇલ ડેપો પર મોટા હુમલા પછી અમેરિકાએ ઇઝરાયેલને ખખડાવ્યું : તેલ બચાવવું છે, બાળવું નથી


વૉશિંગ્ટન, તા. 9: એક્સિઓસના અહેવાલ મુજબ, ઈરાનના તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા મોટા પાયે હવાઈ હુમલાઓને લઈને અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા છે. એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ આ હુમલાઓને સારો વિચાર નથી એવા ગણાવ્યા હતા.

ઓપરેશનની વિશાળતા અને ગંભીરતા જાણીને વોશિંગ્ટને ઈઝરાયેલને અત્યંત કડક અને સ્પષ્ટ શબ્દોમાં WTF (આ શું છે?) જેવો સંદેશ મોકલ્યો હોવાનું જાણવા મળ્યું છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયા પછી બંને સાથી દેશો વચ્ચેનો આ પ્રથમ મોટો રાજદ્વારી વિવાદ છે. શનિવારે ઈરાની તેલ ડેપો પર થયેલા ઈઝરાયેલના આ હુમલાઓ અમેરિકાની અપેક્ષા કરતા ઘણા મોટા અને આક્રમક હતા. ડોનાલ્ડ ટ્રમ્પના એક સલાહકારે આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકી પ્રમુખને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાનો આ વિચાર બિલકુલ પસંદ આવ્યો નહોતો.

શનિવારે ઈરાન પર થયેલા આ તાજા હવાઈ હુમલાઓએ તેહરાનના અનેક વિસ્તારોમાં ભીષણ આગ લગાડી દીધી હતી. આ આગની જ્વાળાઓ માઈલો દૂરથી દેખાતી હતી અને સમગ્ર ઈરાની રાજધાની તેહરાન કાળા ઘટ્ટ ધુમાડાના ગોટામાં ઘેરાઈ ગઈ હતી. ઈઝરાયેલ સંરક્ષણ દળો (IDF) એ સ્પષ્ટતા કરી હતી કે આ ઈંધણ ડેપોનો ઉપયોગ ઈરાની શાસન દ્વારા લશ્કરી એકમો અને અન્ય ગ્રાહકોને ઈંધણ પહોંચાડવા માટે કરવામાં આવતો હતો. ઈઝરાયેલના સૈન્ય અધિકારીના જણાવ્યા અનુસાર, આ હુમલો ઈરાનને ઈઝરાયેલના નાગરિક માળખા પર હુમલા બંધ કરવા માટેની છેલ્લી ચેતવણી સમાન હતો.જો કે, આ ઓપરેશનના સ્કેલને કારણે વોશિંગ્ટનમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અમેરિકી અધિકારીઓને ડર છે કે સામાન્ય જનતાના ઉપયોગ માટેની સુવિધાઓ પરના આવા હુમલાઓથી ઈરાની જનતા પોતાની સરકારના સમર્થનમાં એક થઈ શકે છે. વધુમાં, આનાથી વૈશ્વિક તેલના ભાવમાં મોટો ઉછાળો આવવાની પણ ભીતિ છે. ટ્રમ્પના સલાહકારે ઉમેર્યું હતું કે, પ્રમુખ આ હુમલાને પસંદ નથી કરતા. તેઓ તેલ બચાવવા માંગે છે, તેને બાળવા નથી માંગતા, કારણ કે આનાથી સામાન્ય લોકોને મોંઘા ગેસ અને પેટ્રોલના ભાવની યાદ આવે છે.

# વિશ્વપ્રસિધ્ધ બર્મિંગહામ ડોગ શોમાં ક્લમ્બર સ્પેનિયલ પ્રજાતિનો શ્વાન 'બેસ્ટ ઇન શો'

**ત્રણ** દાયકા કરતા વધુ સમય પછી આ નસલના કૂતરાને આ ખિતાબ મળ્યો




બર્મિંગહામ(યુકે), તા. ૯: અહીં દિવસોથી ચાલતા ક્રફ્ટ્સ ડોગ શોમાં આ વર્ષે ક્લમ્બર સ્પેનિયલ પ્રજાતિના શ્વાને 'બેસ્ટ ઇન શો'નો ખિતાબ જીત્યો છે.

બર્મિંગહામમાં રવિવારે યોજાયેલા આ શોમાં, ચાર વર્ષના બ્રુઈન નામના કૂતરાએ વિશ્વભરના હજારો શ્વાનને હરાવીને ટોચનું સન્માન મેળવ્યું હતું. લી કોક્સ નામના શખ્સની માલિકીનો બ્રુઈન, અગાઉ આ શોમાં 'ગનડોગ' ગ્રુપમાં વિજેતા બન્યો હતો. વર્ષ 1991 પછી આ પ્રથમ વખત છે જ્યારે કોઈ ક્લમ્બર સ્પેનિયલ નસલના કૂતરાએ 'બેસ્ટ ઇન શો'નો ખિતાબ જીત્યો હોય. સ્પર્ધાના નિર્ણાયક તામસ જેક્કેલે અન્ય છ ગ્રુપના વિજેતાઓને પાછળ છોડીને બ્રુઈનને આ ટ્રોફી માટે પસંદ કર્યો હતો. આ જીત પર ખુશી વ્યક્ત કરતા શ્રી કોક્સએ કહ્યું: આ અદ્ભુત છે, હું શું કહી શકું? મને વિશ્વાસ નથી થઈ રહ્યો. તમારો ખૂબ ખૂબ આભાર. આ પ્રજાતિ માટે આ ગર્વની વાત છે... જીવનમાં પહેલીવાર હું નિઃશબ્દ છું. તેમણે વધુમાં ઉમેર્યું: તે ખરેખર ખાસ શ્વાન છે. હું તેને ખૂબ જ ચાહું છું અને તે પણ મને એટલો જ પ્રેમ કરે છે.

# ટ્રમ્પનો સ્ટાર્મરને ટોણો: "યુદ્ધ પત્યા પછી એરક્રાફ્ટ કેરિયર્સ શું કરવા છે?"

**ટ્રમ્પે** કહ્યું તમે બે અઠવાડિયા મોડા છો બંને નેતાઓ વચ્ચે ફોન પર ચર્ચા થઈ

લંડન, તા. 9 (પીટીઆઈ): બ્રિટિશ વડાપ્રધાન કીયર સ્ટાર્મર અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ટેલિફોનિક વાતચીત થઈ છે. આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ટ્રમ્પે ઈરાન પરના હુમલાઓ અંગે બ્રિટનના પ્રતિસાદની આકરી ટીકા કરી હતી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર સ્ટાર્મરની એરક્રાફ્ટ કેરિયર્સ મોકલવાની યોજનાને 'જીતેલા યુદ્ધમાં જોડાવાનો પ્રયાસ' ગણાવીને મજાક ઉડાવી હતી. ટ્રમ્પે લખ્યું હતું કે, 'અમને હવે તમારી જરૂર નથી, પણ અમે યાદ રાખીશું. અમને તે લોકોની જરૂર નથી જેઓ અમે જીતી ચુકેલા યુદ્ધમાં સામેલ થાય છે. તેઓ બે અઠવાડિયા પહેલાં આવ્યા હોત તો સારું હોત.'

ડાઉનિંગ સ્ટ્રીટ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, બંને નેતાઓએ મધ્ય પૂર્વમાં સૈન્ય સહયોગ અને ભાગીદારોના સ્વબચાવમાં રોયલ એર ફોર્સ (આરએએફ)ના બેઝના ઉપયોગ અંગે ચર્ચા કરી હતી. સ્ટાર્મરે સંઘર્ષમાં માર્યા ગયેલા 6 અમેરિકી સૈનિકોના મોત પર ટ્રમ્પને શોક પણ પાઠવ્યો હતો. આ વાતચીતનો મુખ્ય હેતુ અમેરિકા અને બ્રિટેન વચ્ચેના દાયકાઓ જૂના 'વિશેષ સંબંધોમાં' પડેલી તિરાડને રુઝવવાનો માનવામાં આવે છે.

બીજી બાજુ, બ્રિટેનમાં જ સ્ટાર્મર સરકાર વિપક્ષના નિશાના પર છે. કન્ઝર્વેટિવ પાર્ટીએ તેમના પર અમેરિકાના યુદ્ધ પ્રયાસોમાં ન જોડાઈને 'નબળો પ્રતિસાદ' આપવાનો આરોપ લગાવ્યો છે. જ્યારે લિબરલ ડેમોક્રેટ્સે ટ્રમ્પ દ્વારા છેડવામાં આવેલા યુદ્ધના વિરોધમાં આવતા મહિને કિંગ ચાર્લ્સ ત્રીજાની નિર્ધારિત અમેરિકાની રાજ્ય મુલાકાત રદ કરવાની માગ કરી છે.

હાલમાં બ્રિટેન તેના નાગરિકોને દુબઈથી પરત લાવવા ફ્લાઈટ્સ ચલાવી રહ્યું છે અને સાયપ્રસમાં પોતાના સંરક્ષણને મજબૂત કરી રહ્યું છે.

# એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વાહન લઈ જવું હવે બનશે આસાન

**હવે** વાહન ટ્રાન્સફર માટે NOCની જરૂર નહીં રહે

નવી દિલ્હી, તા. 9: કેન્દ્ર સરકાર મૂળ રાજ્યની પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) માંથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવવાની જરૂરિયાતને નાબૂદ કરીને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વાહનોના ટ્રાન્સફરની પ્રક્રિયાને સરળ બનાવવાની દરખાસ્ત પર વિચાર કરી રહી છે. નીતિ આયોગ દ્વારા સ્થાપિત બિન-નાણાકીય નિયમનકારી સુધારાઓ પરની ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોને આધારે આ પગલું તપાસવામાં આવી રહ્યું છે.

જો મંજૂર કરવામાં આવે તો આ સુધારો રાજ્યો વચ્ચેના વાહન ટ્રાન્સફરને રાષ્ટ્રીય વાહન રજિસ્ટ્રીમાં ઉપલબ્ધ ડેટાના આધારે ઓટોમેટેડ ક્લિયરન્સ સિસ્ટમ દ્વારા પ્રક્રિયા કરવાની મંજૂરી આપી શકે છે.

વર્તમાનમાં જે માલિકો તેમના વાહનોને બીજા રાજ્યમાં શિફ્ટ કરવા માંગે છે તેમણે પહેલા જે આરટીઓમાં વાહન નોંધાયેલું હોય ત્યાંથી એનઓસી મેળવવું પડે છે. આ પ્રમાણપત્ર પુષ્ટિ કરે છે કે વાહનને બીજા રાજ્યમાં નોંધણી કરાવતા પહેલા તેના પર કોઈ બાકી રોડ ટેક્સ, ચલણ અથવા અન્ય જવાબદારીઓ નથી.

પુનઃ નોંધણી દરમિયાન સામાન્ય રીતે એનઓસીની સાથે આરસી, ફિટનેસ પ્રમાણપત્ર અને ટેક્સ ભર્યાના પુરાવા જેવા દસ્તાવેજો સબમિટ કરવાના હોય છે.